# આંકલાવ : મુંજકુવા દૂધ મંડળીના સેક્રેટરીના પ્રોવિડન્ડ ફંડની બાકી રકમ વારસદાર પુત્રને ચૂકવવા લેબર કોર્ટનો હૂકમ

- **૧૯૬૦થી ૧૯૮૯ દરમ્યાન મફતલાલ શાહ મુંજકુવા દૂધ મંડળીમાં કેશિયર-સેક્રેટરી તરીકે જોડાયા હતા, પીએફ ચૂકવેલ ન હોવા બાબતે રીકવરી અરજી કરી હતી**
- **દૂધ મંડળીએ તત્કાલિન કેશીયરે રૂ.૨૫ હજારનો ચેક વટાવીને મંડળીમાં જમા ન કરાવ્યા અંગે ફરિયાદ, પીએફની અડધી રકમ ચૂકવ્યા સહિતનો જવાબ રજૂ કર્યો**

આણંદ, તા.૯

આંકલાવ તાલુકાની મુંજકુવા દૂધ મંડળીમાં ૧૯૬૦થી ૧૯૮૯ દરમ્યાન કેશિયર-સેક્રેટરી તરીકે ફરજ બજાવતા કર્મચારીએ રાજીનામું આપીને છુટ્ટા થયા બાદ નોકરી દરમ્યાન ખેડા જિલ્લા સહકારી બેંકમાં લેવડદેવડ માટે જવા દરમ્યાનના ભાડાભથ્થા, પ્રોવિડન્ડ ફંડની રકમ મંડળીએ ચૂકવી ન હોવા બાબતે લેબર કોર્ટમાં રીકવરી અરજી કરી હતી. દરમ્યાન ફરિયાદીનું મૃત્યુ થતા વારસદાર તરીકે તેઓના પુત્રને રીકવરી અરજીની પ્રકિયામાં જોડવામાં આવ્યા હતા. લેબર કોર્ટમાં મંડળી તરફેથી દલીલો સહિત પુરાવા રજૂ કરાયા હતા. જેમાં તાજેતરમાં લેબર કોર્ટે રીકવરી અરજી અંશતઃ મંજૂર રાખીને મૃતક અરજદારના વારસદારને પીએફની બાકી રકમ ૩૦ દિવસમાં ચૂકવવાનો હૂકમ કર્યો હતો.

મળતી વિગતોમાં મુજકુવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.માં કેશીયર કમ સેક્રેટરી તરીકે મફતલાલ શાહ તા. ૨૪ ઓગસ્ટ,૧૯૬૦થી જોડાયા હતા. જેઓને માસિક રૂ.૭૧૦ પગાર ચૂકવાતો હતો અને તા. ૩૧ જાન્યુ.૧૯૮૯ના રોજ રાજીનામુ આપીને તેઓ છૂટા થઈ ગયા હતા. ત્યારબાદ તેઓએ રીકવરી અરજી વિલંબ માફ કરવાની અરજી સાથે જુલાઈ,૨૦૧૯માં લેબર કોર્ટમાં દાખલ કરી હતી. જેમાં દૂધ મંડળીમાં મુકરર કરેલ સમય કરતાં વધુ કામ કરાવતા, જાહેર સહિતની રજાના દિવસોમાં સવાર-સાંજ હિસાબ લખવા, ઓડિટ સમયે ફરજિયાત હાજર રહેવું પડતું હોવાની બાબતો દર્શાવી હતી. આમ, ૨૯ વર્ષની નોકરી દરમ્યાન ફરજ કરતા વધુ સમયના કામ માટે તેઓએ રૂ. ૨૫ હજાર અને આ વર્ષોનો પી.એફ રૂ. ૨૪ હજાર ઉપરાંત ખેડા જિલ્લા સહકારી બેંકમાં લેવડદેવડમાં કાયમ જવું પડતું હોવાથી ભાડાભથ્થાના રૂ. ૨૪ હજાર મળીને કુલ રૂ.૯૩૨૩૫ની રકમ દૂધ મંડળીએ ન ચૂકવ્યાની દાદ માંગી હતી. ઉપરાંત મફતલાલ સામે બોરસદ કોર્ટમાં ચાલતા ક્રિમીનલ કેસનો જુલાઈ,૨૦૧૯માં નિકાલ આવી જવા છતાં દૂધ મંડળી દ્વારા કાયદેસર રકમ ચૂકવી આપવામાં આવી ન હોવાનું જણાવ્યું હતું.

દરમ્યાન રીકવરી અરજી દરમયાન મફતલાલ શાહ ૨૯ એપ્રિલ,૨૦૨૨ના રોજ ગુજરી જતા તેઓના વારસદાર તરીકે પુત્ર અજીતભાઈ શાહને જોડવામાં આવ્યા હતા. આ કેસમાં દૂધ મંડળીને નોટિસ બજતા લેખિત જવાબ રજૂ કર્યો હતો. જેમાં મંડળી અમૂલ ડેરી સાથે સંયોજીત હોઈ તેનું સુપરવીઝન થતું હોય છે. આ સમયગાળા દરમ્યાન તા. ૧૩ માર્ચ,૧૯૮૯ના રોજ મંડળીમાં ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, આંકલાવ શાખાનો ચેક રૂ. ૨૫ હજારનો વટાવીને મંડળીમાં જમા ન કરાવતા સેક્રેટરી સામે ફરિયાદ અને કેસ થયો હતો. અરજદાર સેક્રેટરીનો હોદ્દો સંભાળવા સાથે હિસાબી કામકાજ-વ્યવસ્થાની કામગીરી સંભાળતા હોવાથી મંડળીનું તમામ દફતર તેઓ હસ્તક રહેતું હોવાથી મહત્વના દસ્તાવેજો સગેવગે કરી દીધાનું જણાઈ આવતા અરજદાર સામેનો કેસ પૂરવાર થઈ શકેલો નહી અને અરજદારને કોર્ટે નિર્દોષ છોડી મૂકયા હોવાનું મંડળી તરફેથી રજૂ કરાયેલ જવાબમાં જણાવાયું હતું.

વધુમાં મફતલાલ શાહ વિરુદ્ધ મંડળીએ તેમની પાસેથી લેણી નીકળતી રકમ અંગે લવાદી દાવો દાખલ કરેલ. જેમાં અરજદાર પાસેથી રૂ.૬૭૫૦૦ વસૂલાત આપવા હુકમનામુ થયેલ, પરંતુ તે રકમ મંડળીને આજદિન સુધી ન મળતા આર્થિક નુકસાન થયેલ છે. વધુમાં રજાઓ, ઓડિટ સુપરવીઝન વખતે વધુ સમય કામ કર્યાના રૂ. ૨૫ હજારની માંગણી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હોવાનું જણાવ્યું હતું. જેમાં મંડળી અને તેના કર્મચારીઓ વચ્ચે નોકરીની શરતો, પગાર ધોરણ અંગે સમાધાન કરાર થાય છે. અઠવાડિક રજાઓના વાર્ષિક બે પગાર દર વર્ષે કર્મચારીઓને આપવામાં આવે છે.

પ્રોવિડન્ડ ફંડની બાકી રકમ અંગે મંડળીએ લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, કુલ રુ. ૨૪ હજાર પૈકી મંડળીએ રૂ.૧૨ હજાર ઠરાવ કરીને ચૂકવી આપેલ છે અને રૂ. ૧૨ હજાર ચોપડે જમા છે તેની પરસ્પર ખરાઈ કરછીને તેમના હકકની રકમ ચૂકવવામાં સંસ્થાને કોઈ વાંધો ન હોવાનું જણાવ્યું હતું. જયારે ભાડાભથ્થાની કોઈ લેણી રકમ મંડળીમાં ઉભી થતી નથી અને તે ચૂકવવાની બાકી ન હોવાનું જણાવ્યું હતું.

આ કેસમાં રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવા, દલીલો, લેખિત દલીલો વગેરે ધ્યાને લઈને કોર્ટે નોંધ્યુ હતું કે, અરજદારનો પીએફ બાકી હોવાની વાત સાચી છે અને તેમનો જમા રૂ. ૨૪ હજાર જેટલા પીએફમાંથી ફેબ્રુ.૧૯૮૯માં ૧૨૯૦૬ ચેકથી ચૂકવેલ છે અને બાકીનો જમા પીએફ મંડળી ચૂકવવા તૈયાર છે. ઉપરાંત ઓવરટાઈમની રકમ, ભથ્થાની રકમ મેળવવા અરજદાર હકકદાર બનતા નથી.

આથી અરજદારની રીકવરી અરજી અંશતઃ મંજૂર રાખીને ન્યાયાધીશ જાવેદ અખ્તરખાન ઘાસુરા (પ્રીસાઈડીંગ ઓફિસર, લેબર કોર્ટ, આણંદ)એ તા. ૫ જૂન, ૨૦૨૪ના રોજ આ કેસમાં ચુકાદો જાહેર કર્યો હતો. જેમાં મૂળ અરજદારના વારસદાર અજીતભાઈ મફતલાલ શાહની પી.એફ.ની બાકી રકમ રૂ. ૧૧૦૯૪ મેળવવા હકકદાર થાય છે, દૂધ મંડળીએ હુકમ તારીખથી ૩૦ દિવસમાં આ રકમ ચૂકવવાની કાર્યવાહી પૂર્ણ કરવા હૂકમ કર્યો હતો.